

પ્રયોશા મહિલા વિકાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કુડાસણ ખાતે નવરાત્રી નિમિત્તે બાળકોને દાંડિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો ખૂબ ઉત્સાહથી દાંડિયા રાસમાં જોડાયા હતા.

# દરિયાઈ વિસ્તારોની સુરક્ષા સઘન કરવા કડક પગલાં લેવાશે

## પોલીસ સતર્ક છે પણ હજી અમે દરિયાઈ વિસ્તારોની સુરક્ષા વધારવા માગીએ છીએ : ગુજરાતના ગૃહરાજ્ય મંત્રી

ગાંધીનગર,તા.૯

થોડા દિવસ પહેલા જ મુંદ્રા પોર્ટ પરથી ૨૧,૦૦૦ કરોડની કિંમતનું ડ્રગ્સ પકડાયું હતું. ત્યારબાદ હવે ગુજરાત સરકારે રાજયના દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષાની સમીક્ષા કરી છે સાથે જ ભવિષ્યમાં આવી કોઈ પરિસ્થિતિ ન આવે તે માટે પગલાં લીધા છે. ગુજરાતના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ દરિયાકાંઠાની સુરક્ષા અંગેની ચર્ચા કરવા માટે તાજેતરમાં જ સિનિયર આઈપીએસ અધિકારીઓ સાથે મીટિંગ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે દરિયાઈ વિસ્તારોની સુરક્ષા મજબૂત કરવા માટે કેટલાક લાંબા અને ટૂંકા ગાળાના વિકલ્પો ધ્યાને લીધા છે. આ મુદ્દે વાત કરતાં હર્ષ સંઘવીએ કહ્યું, "આપણી પોલીસ ખૂબ સતર્ક છે અને આ જ કારણે આટલા મોટા જથ્થામાં ડ્રગ્સ જપ્ત કરી શકયા. જોકે, અમે હજી દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષા વધારવા માગીએ છીએ. દરિયાકિનારા વિસ્તારોની સુરક્ષા વધારવામાં નડતી સમસ્યાઓને પહોંચી વળવા માટે મુખ્યમંત્રીએ તાત્કાલિક આદેશ આપ્યા છે. મેનપાવર, ટ્રેનિંગ, અત્યાધુનિક સિક્યુરિટી સિસ્ટમ સાથેની બોટ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવાના આદેશ મુખ્યમંત્રીએ આપ્યા છે. મહત્વનું છે કે, ભૂતકાળમાં રાજયમાં દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષાનો મુદ્દો ચિંતાનો વિષય રહ્યો છે, કારણકે મુંબઈ હુમલો થયો એ સમયે આતંકીઓએ ત્યાં પહોંચવા માટે ગુજરાતના દરિયાકાંઠાનો ઉપયોગ કર્યો હતો. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટા જથ્થાના કાર્ગો માટે ૪૩ પોર્ટ આવેલા છે. નાના પોર્ટ અને ખાનગી ડેવલપરો પાસે હાલ કર્મચારીવર્ગની ગતિવિધિઓ પર નજર રાખવા માટે અસરકારક પદ્ધતિ નથી. અહીંની સુરક્ષા પ્રાઈવેટ સિક્યુરિટી ગાર્ડ અને સ્થાનિક પોલીસ દ્વારા કરવામાં આવે છે. આ બંદરોની સુરક્ષા માટે આધુનિક સાધનોથી સજ્જ સ્પેશિયલ ફોર્સની જરૂર છે. ભારતમાં આવતા કે અહીંથી જતા મુસાફરોની અધિકૃત ચેકપોસ્ટ પર તપાસ થાય તે જરૂરી છે. ગુજરાત અને ભારતમાં અનેક દરિયાઈ બંદરો છે જયાં અવારનવાર વિદેશી શીપનો સામાન ઉતારવામાં આવે છે. ગુજરાતમાં ઓખા અને કંડલા બે મુખ્ય ચેકપોસ્ટ છે. રાજ્ય સરકારે ધ્યાન દોરતાં કહ્યું કે, ભારતીય કાંઠા પરથી વિદેશ જવા નીકળતા નાવિકો યોગ્ય ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરતાં નથી અને ઈમિગ્રેશન ઓફિસર સામે હાજર થતાં નથી. આમ કરીને તેઓ દેશનો કાયદો તોડે છે. પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી ઘણીવાર ભારતીય માછીમારોની બોટ પર શંકા કરે છે અને તેઓ સ્મ નજીક ફિશિંગ કરી રહ્યા હોય તો પકડી લે છે. કેટલાક કિસ્સામાં બિનસત્તાવાર ફાયરિંગમાં માછીમારોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ના બને તે માટે ગુજરાત સરકાર કેંદ્ર પાસે મદદની અપેક્ષા રાખે છે. કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ અંતર્ગત ભારત સરકાર નવી જેટ્ટીઓ માટે ભંડોળ પૂરું પાડી શકે છે અને આ જેટ્ટીઓનો ઉપયોગ કોસ્ટલ સિક્યુરિટીને સંભાળવા માટે થશે.

# ડૉક્ટર બનવા માટેની પ્રથમ લાયકાત કરૂણાભાવ : મોફતરાજ મુનોત

## કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશનના કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં એમ.આર.આઈ. મશીનનું ઉદ્‌ઘાટન : ગાંધીનગરના દર્દીઓને રાહત





ગાંધીનગર, તા. ૯

ડૉક્ટર બનવા માટેની પ્રથમ લાયકાત કરૂણાભાવ હોવો જોઈએ... કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન સંચાલિત સે. ૨૫ જીઆઈડીસી સ્થિત કલ્પ સેવા આરોગ્ય ક્ષેત્રમાં આજે નવા એમ.આર.આઈ. મશીનના ઉદઘાટન પ્રસંગે કંપનીના ચેરમેન મોફતરાજ મુનોતે કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રના ડૉક્ટર્સમાં આવો જ ભાવ જોવા મળ્યો હોવાનો સંતોષ અને રાજીપો વ્યક્ત કર્યો હતો. ગાંધીનગરમાં દર્દીઓને હવે રાહતદરે એમ.આર.આઈ. મશીનની સેવા ઉપલબ્ધ થશે.

એમઆરઆઈ મશીનનું ઉદ્‌ઘાટન પ્રસંગે કલ્પતરૂ ગ્રુપના ચેરમેન મોફતરાજ મુનોત અને ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા બંધારણીય અને સંસદીય બાબતોના વિભાગ (સ્વતંત્ર હવાલો) અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે કર્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા, સરકારી અધિકારીઓ તથા અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ અગ્રણી ડૉક્ટર ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે અગ્રણી ડૉક્ટર્સનું કલ્પતરૂ પાવરના ચેરમેન અને અન્ય મહાનુભાવો દ્વારા સમુદાયની સેવા કરવા બદલ સન્માન થયું હતું.



આ પ્રસંગે કલ્પતરૂ ગ્રુપના ચેરમેન મોફતરાજ મુનોતે કહ્યુ હતુ કે ડૉક્ટર બનવા માટેની પ્રથમ લાયકાત કરૂણા ભાવ હોવો જોઈએ અને તે ભાવના કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રના ડોક્ટરોમાં જોવા મળે છે. તે બદલ તેઓ ડોક્ટરોના ખૂબ જ ઋણી છે.

આ પ્રસંગે મનોજ અગ્રવાલે જણાવ્યુ હતુ કે આરોગ્ય ક્ષેત્રમાં પબ્લીક પાર્ટનરશીપ ખૂબ જ અગત્ય છે અને કલ્પતરૂ ગ્રુપ દ્વારા ચલાવવામાં આવતુ કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યુ હતુ કે કલ્પતરૂ ગ્રુપ ગાંધીનગરના દરેક સામાજીક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વિશેષ યોગદાન રહે છે. તેમણે કલ્પતરૂના ચેરમેન આરોગ્ય કેન્દ્રનું ઉત્તરોત્તર વિસ્તાર અને વિકાસ કરવામાં સફળ રહેશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

એમઆરઆઈ મશીનના ઉદ્‌ઘાટન પ્રસંગે કલ્પતરૂ વેલ્ફેર ટ્રસ્ટના ટ્રસ્ટી અને કલ્પતારૂ ફાઉન્ડેશનના ડાયરેક્ટર કમલ કિશોરે જણાવ્યું હતું કે બીસ્ટિઓલોજી, ઓપ્થેલ્મોલોજી, ગાયનેકોલોજી, પીડિયાટ્રિક્સ, રેડિયોલોજી, ડેન્ટિસ્ટ્રી વગેરે તમામ સ્પેશ્યાલિટીઝમાં આરોગ્ય કેન્દ્ર એક્સ-રે, સોનોગ્રાફી અને ઈસીજીની સુવિધાઓ ધરાવે છે. જો કે એમઆરઆઈ મશીન વિના ગાંધીનગરના અને એની આસપાસના વિસ્તારોના દર્દીઓને આ ખર્ચાળ પરીક્ષણ કરાવવા લાંબો પ્રવાસ કરવો પડતો હતો. અમે હવે ૯૬ ચેનલ સાથે સજ્જ, સંપૂર્ણ ડિજિટલ, એઆઈ આધારિત ૧.૫ ટેસ્લા એમઆરઆઈ મશીન સ્થાપિત કર્યુ છે. આ નવા મશીનના વધારા સાથે અમારો ઉદ્દેશ ગાંધીનગરમાં અને એની આસપાસના વિસ્તારોમાં રહેતા આર્થિક રીતે નબળાં લોકોને નોંધપાત્ર ઓછા ખર્ચે શ્રેષ્ઠ સેવા આપવાની છે.

કેપીટીએલ અગ્રણી ઈપીસી કંપની છે, જેનું હેડક્વાર્ટર ગાંધીનગરમાં છે અને દુનિયાના ૬૦ થી વધારે દેશોમાં કાર્યરત છે. સમાજના આર્થિક રીતે નબળા વર્ગોનું ઉત્થાન કરવા માટે ઉત્સાહી કેપીટીએલ એની સીએસઆર પ્રવૃત્તિઓના ભાગરૂપે શિક્ષણ, આરોગ્ય અને સુખાકારી પર કેન્દ્રિત વિવિધ પહેલોનો અમલ કરે છે. કલ્પતરૂ પાવરે કોવિડ-૧૯નો સામનો કરવા અને એને નિયંત્રણમાં રાખવા સીએસઆર પ્રોજેક્ટનો અમલ પણ કરે છે, જેમાં હોસ્પિટલોની સ્થાપના, નિઃશુલ્ક રસીકરણ અભિયાનો હાથ ધરવા, ઓક્સિજન કોન્સેન્ટેટર્સનું વિતરણ, દવાનો સપોર્ટ, પીપીઈ કિટ્સ વગેરે સામેલ છે તેમજ પીએમ કેર્સ ફંડમાં પ્રદાન સામેલ છે. કેર કેપીટીએલની મુખ્ય પહેલો પૈકીની એક છે, જેના દ્વારા કંપનીએ ગાંધીનગર અને મુંબઈમાં અદ્યતન ડિસ્પેન્સરી સ્થાપિત કરી છે અને એને ઓપરેટ કરે છે. કલ્પતરૂ ફાઉન્ડેશનની સાથે કલ્પતરૂ પાવર આ જ પ્રકારની ડિસ્પેન્સરી રાયપુરમાં સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. વર્ષ ૨૦૦૯ થી કાર્યરત આરોગ્ય કેન્દ્રમાં દરરોજ ૧૫૦થી વધારે દર્દીઓ આવે છે અને અત્યાર સુધી ૩,૦૦,૦૦૦થી વધારે લાભાર્થીઓના જીવનને અસર કરી છે.

# ત્રીજા નોરતે શહેરની શેરીઓમાં ગરબાની રમઝટ





નવરાત્રિ ચાલી રહી છે ત્યારે ઠેર ઠેર આનંદના ગરબાનું આયોજન કરવામાં આવે છે. સેકટર-૫ બી ખાતે જય અંબે મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરાયું હતું. તથા ગરીબોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.




## અલુવા ગામની પ્રાથમિક શાળામાં ગરબા યોજાયા

અલુવા ગામની પ્રાથમિક શાળાના બાળકો તેમજ શિક્ષકો દ્વારા રાત્રે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## રમાડ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે ઉપરાંત સમગ્ર દેશમાં તમામ રાજયની પોલીસને બાળક મળ્યું હોવાની માહિતી ગઈકાલે રાતના જ ઈમેલના માધ્યમથી આપવામાં આવી છે. પોલીસતંત્ર દ્વારા આ અંગે દેશના વિવિધ પોલીસ મથકોનો સંપર્ક પણ કરવામાં આવ્યો છે. તમામ સીસી ટીવી ફૂટેજ પણ જોવામાં આવી રહ્યા છે. તેમજ મહિલા પોલીસ આ દિશામાં સક્રિય રીતે કામ કરી રહી છે.

ગાંધીનગર સીવિલ હોસ્પિટલના બાળ વિભાગના ડૉ. એકતા દલાલે જણાવ્યું છે કે આ બાળકની લોહી, દાંત અને અન્ય શારીરિક તપાસ કરવામાં આવી છે. જેમાં બાળક તંદુરસ્ત હોવાનું માલૂમ પડયું છે. તેની ઉંમર આશરે સાતથી નવ મહિના હોઈ શકે છે. તેના ડી.એન.એ. ટેસ્ટ અમદાવાદ મોકલવામાં આવ્યો છે.

## સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંદુરસ્તી બિમારીના બિછાને છે. માટે જ આવા બેરહેમ કિસ્સાઓથી હવે સમાજે જાગૃત થવાની તાતિ અનિવાર્ય છે. દંપત્તિના કંકાસના લીધે માસુમને તરછોડીને રસ્તે રઝળતો કરવાનુ આ શરમજનક કૃત્ય કહેવાતા શિક્ષત સમાજના ગાલ પર સણસણતા તમાચા સમાન છે.

સંસ્કૃતિ ,સભ્યતા અને શિક્ષણના સહારે સુમેળ સાધતા આજના દંપતિઓના પણ જીવનને દીશાશુન્ય કરી દેતી આ હરકતો સામે વિશેષ સજાગ રહીને સંયમપુર્વક જીવવાની અનિવાર્યતા છે. નહીંતર તથાકથિત શિક્ષિતો ભાવિ પેઢી સામે આંખ મિલાવી નહીં શકે... માસુમને તરછોડવાની આ હરકતથી નગરજનો પણ આગ બબુલા બન્યા છે. આજે દિવસ દરમિયાન આ મામલે અનેક તર્ક વિતર્કો રજુ કરતા નાગરિકોનો આક્રોશ ચરમસીમાએ જોવા મળ્યો હતો. ફુલ જેવા માસુમ બાળકને ધુલમાં રજળતુ મુકી દેવાની આ અમાનવીય હરકત કથળતી સામાજિક તંદુરસ્તીનુ વરવુ દ્રશ્ય છે...

## ઘેરી અસર

● અનુસંધાન પહેલાનું ચાલુ

યૂનિટ મળતી વીજળીનો ભાવ હવે ૨૦ રૂપિયા પ્રતિ યૂનિટ સુધી પહોંચી ગયો છે. ઝારખંડના વીજળી ઉત્પાદક પ્લાન્ટ્સ પાસે હાલ કોલસાનો મર્યાદિત ભંડાર છે. રાજ્ય સરકારે વધારેલા ભાવ પર નેશનલ પાવર એક્સચેન્જ પાસેથી વીજળી ખરીદવાની વાત કરી છે. જોકે, રાજ્ય તરફથી વીજળીની જેટલી માંગ કરવામાં આવી રહી છે તેટલી ઉપલબ્ધ નથી. તહેવારોને પગલે આગામી દિવસોમાં વીજળીનું સંકટ વધારે ઘેરું બની શકે છે. કેન્દ્રીય મંત્રી આરકે સિંહે ચીનમાં કોલસાની અછત અને ભારતમાં કોલસાની વધી રહેલા માંગ પર કહ્યું કે, દેશમાં કોલસાનો પૂરતો ભંડાર છે. આ ભંડારથી તમામ પ્રકારની માંગ પૂર્ણ કરી શકાય છે. તેમણે કહ્યુ કે, કોલસાની માંગ વધી છે, અમે આ માંગને પૂર્ણ કરી શકીએ છીએ. અમે વધેલી માંગને પૂર્ણ કરવાની સ્થિતિમાં છીએ. તેમણે ભાર પૂર્વક કહ્યુ કે, ચીનની જેમ ભારતમાં આવું કોઈ સંકટ નથી.

રાજ્યમાં વીજકાપ થશે? શું ગુજરાતમાં વીજ અછત છે? આવા મુદ્દાઓ ચર્ચામાં છે ત્યારે આ મુદ્દે રાજ્યના ઉર્જા મંત્રી કનુ દેસાઈએ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. બે દિવસ પહેલા આ અંગે વાત કરતા ઉર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ અને ભારત સહિત રાજ્યમાં વીજ સંકટ ઘેરું બન્યાની વાત હાલ પૂરતી નથી. હાલમાં રાજ્ય સરકારે પાવર કટની કોઈ જાહેરાત કરી નથી. ગુજરાત સરકાર વિવિધ પાસાઓને વિચાર કરીને ચર્ચા કરી રહી છે. આ અંગે સતત બેઠકો અને મીટિંગ યોજાઈ છે. કનુ દેસાઈએ ઉમેર્યુ કે એક કે બે દિવસ પાવર કટનો સામનો કરવો પડે તેવી સ્થિતિ નથી. ડીમાન્ડ અને સપ્લાય અનુસાર લોડ શેડિંગની પ્રક્રિયા નોર્મલ છે. રાજ્ય સરકાર સ્થિતિ નિયંત્રણમાં રાખવા બેઠકો કરી રહી છે.